અપીલ અરજી નં.૪૧૫ તા.૨૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણી
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળશ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણીનીઆઈ ડી ૪૮૮ તા.૧૪–૨–૧૧ની અરજીથી (૧) રાંદેર રોડ પર રામનગરમાં આવેલ રૂમ નં.૬૭,૬૮ **BUC** વગર એસ.એમ.સી ના આઈ ડી. નં.૩૫૦ માં મળેલ જવાબ રૂમ નં.૬૭,૬૮ (બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ) ની નકલ અત્રે કચેરી ઉપલબ્ધ રેકોડ ઉપર જણાવેલ નથી અને (૨) રૂમ નં.૬૭,૬૮ માં ગ્રૃહ પ્રવેશ ની પરવાનગી પણ રેકર્ડ પર ઉપલબ્ધ નથી. (૩) રૂમ નં.૬૭,૬૮ વિજીલન્સ ની રિપોર્ટ આઈ ડી નં.૩૫૦ ના જવાબમાં જણાવેલું કે રૂમ નં.૬૭,૬૮ માં જવેલર્સની ઝવેરાતની દુકાન સ્થળ તપાસ દરમ્યાન શરૂ થયેલ છે. કઈ કાર્યવાહી કરી છે તેની નકલો તથા કઈ કાર્યવાહી કરવામાં આવશે તેની ચોખવટની નકલો તથા એમા સંકળાયેલા ઓફિસરો પર જે કાર્યવાહી કરવામાં આવી હોય તેની નકલો આપવા વિનંતી વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૫/૨૦૧૦–૧૧

શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણીની આઈ ડી નં.૪૮૮ તા.૧૪–૨–૧૧ની અરજીથી (૧) રાંદેર રોડ પર રામનગરમાં આવેલ રૂમ નં.૬૭,૬૮ **BUC** વગર એસ.એમ.સી ના આઈ ડી. નં.૩૫૦ માં મળેલ જવાબ રૂમ નં.૬૭,૬૮ (બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ) ની નકલ અત્રે કચેરી ઉપલબ્ધ રેકોડ ઉપર જણાવેલ નથી અને (૨) રૂમ નં.૬૭,૬૮ માં ગ્રૃહ પ્રવેશ ની પરવાનગી પણ રેકર્ડ પર ઉપલબ્ધ નથી. (૩) રૂમ નં.૬૭,૬૮ વિજીલન્સ ની રિપોર્ટ આઈ ડી નં.૩૫૦ ના જવાબમાં જણાવેલું કે રૂમ નં.૬૭,૬૮ માં જવેલર્સની ઝવેરાતની દુકાન સ્થળ તપાસ દરમ્યાન શરૂ થયેલ છે. કઈ કાર્યવાહી કરી છે તેની નકલો તથા કઈ કાર્યવાહી કરવામાં આવશે તેની ચોખવટની નકલો તથા એમા સંકળાયેલા ઓફિસરો પર જે કાર્યવાહી કરવામાં આવી હોય તેની નકલો આપવા વિનંતી વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે ઈ.ચા. ડે.કમિશ્નર (સી) અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આ. નં.૭૮૧ તા.૨૪–૨–૧૧ થી આપેલ જવાબો ખોટા હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨ તા.૨–૪–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કોઈ અરજી તેમની જાણ હેઠળ તબદીલ થયેલ હોય તો તેની વિગતો તથા મૂળ અરજીથી માંગેલ માહિતી વિગતો ફી ભર્યાની વિગત સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૩૩ તા.૮–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, આર.પી. પટેલને પશ્ચિમઝોન/આ.નં.૧૦૧/૧ તા.૬–૯–૧૦ ના રોજ આપેલ મેમોની નકલ, વીજીલન્સ વિભાગે નં.વીઆઈડી/૧૨૧૪ તા.૨૮–૧૦–૧૦ ના રોજ વેસ્ટઝોનને પાઠવેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆ સેલ/આ.નં.૭૮૧ તા.૨૪–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની આઈ ડી નં.૪૮૮ તા.૧૪–૨–૧૧ ની અરજીથી રાંદેરરોડ રામનગર ૬૭,૬૮ ના બીયુસી ગૃહ પ્રવેશ તા.૬–૯–૧૦ ના મેમો અંગેની કાર્યવાહી તથા તેની સાથે સંકળાયેલા કર્મચારીઓની કાર્યવાહી વિગેરે બાબતેની માહિતી માંગતી અરજી કમિ.શ્રી ઝોનલચીફ વેસ્ટઝોન તથા વીજીલન્સ ઓફિસરને સંબોધતી અરજી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૮૧ તા.૨૪–૨–૧૧ થી માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે જે અધિકારીઓ પાસે જવાબ માંગ્યા છે તેમને તબદીલ કરવામાં આવ્યા નથી અને ખોટા જવાબ હોવાની રજૂઆત કરેલ છે. મુદ્દા નં.(૧) રાંદેર રોડ પર રામનગરમાં આવેલ રૂમ નં.૬૭,૬૮ **BUC** વગર એસ.એમ.સી ના આઈ ડી. નં.૩૫૦ માં મળેલ જવાબ રૂમ નં.૬૭,૬૮ (બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ) ની નકલ અત્રે કચેરી ઉપલબ્ધ રેકોડ ઉપર જણાવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતીની જવાબની નકલ આ અગાઉ આઈ ડી નં.૩૫૦ થી પૂરી પાડવામાં આવેલ છે જેથી હાલમાં તે બાબતે કોઈ સ્પષ્ટતા કરવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં બીયુસી વગર તેવું જણાવેલ છે.

(૨) રૂમ નં.૬૭,૬૮ માં ગૃહ પ્રવેશ ની પરવાનગી પણ રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતી રાંદેરઝોનની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. જેમાં અરજદારે અપીલમાં ગૃહ પ્રવેશ પરવાનગી વગર તેવું જણાવેલ છે. અરજદારે મુદ્દા નં.૧ અને ૨ માં વિધાન કરેલ છે. કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી. (૩) રૂમ નં.૬૭,૬૮ વિજીલન્સ ની રિપોર્ટ આઈ ડી નં.૩૫૦ ના જવાબમાં જણાવેલું કે રૂમ નં.૬૭,૬૮ માં જવેલર્સની ઝવેરાતની દુકાન સ્થળ તપાસ દરમ્યાન શરૂ થયેલ છે. કઈ કાર્યવાહી કરી છે તેની નકલો તથા કઈ કાર્યવાહી કરવામાં આવશે તેની ચોખવટની નકલો તથા એમા સંકળાયેલા ઓફિસરો પર જે કાર્યવાહી કરવામાં આવી હોય તેની નકલો આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેરઝોનથી મિલ્કત બાબતે થયેલ કાર્યવાહી તથા સંકળાયેલ ઓફિસર ઉપર કરવામાં આવેલ કાર્યવાહીની નકલ નકલના રૂા.૨/– લેખે બે નકલના રૂા.૪/– રાંદેરઝોન કચેરીએથી ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં તેના ઉપર કઈ કાર્યવાહી કરી છે તેની નકલો આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ રૂા.૨/– લેખે બે નકલના રૂા.૪/– ભર્યેથી માહિતી આપવાની તૈયારી દર્શાવેલ છે. (૪) રૂમ નં.૬૭,૬૮ તા.૬–૯–૧૦ આ.નં.૧૦૧/૧ કાર્યપાલક ઈજનેર પશ્ચિમઝોન (વેસ્ટઝોન) એસ.એમ.સી. તરફથી આર પી. પટેલને જે મેમો આપ્યો અને મે. કમિ.શ્રી તા.૧૬–૯–૧૦ ના શેરા અન્વયે આપના ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો ખુસાલો દિન–૭ માં નીચે સહી કરનારને કરશો તે ખુલાસાની નકલ અને કાર્યવાહીની નકલો આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રૂમ નં.૬૭ ૬૮ તા.૬–૯–૧૦ આ.નં.૧૦૧/૧ કાર્યપાલક ઈજનેર પશ્ચિમઝોન (વેસ્ટઝોન) એસ.એમ.સી તરફથી આર. પી. પટેલને જે મેમો આપ્યો તેની નકલ તથા તેમના ધ્વારા કરવામાં આવેલ ખુલાસાની નકલ, નકલના રૂા.૨/– લેખે બે નકલના રૂા.૪/– રાંદેરઝોન કચેરીએ ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારની અપીલમાં કોઈ રજૂઆત નથી. (૫) આર .વી. ગામીત પણ આર. પી. પટેલ સાથે સંકળાયેલો છે તે જોવાય છે અને આર પી. પટેલ સાથે મળીને કામ રૂમ નં.૬૭ ૬૮ નું ગેરકાયદેસર બાંધકામ પુરું કરાવ્યુ હોય તો તેના ઉપર (આર વી. ગામીત) પર કઈ કાર્યવાહી કરવામાં આવી છે તેની નકલો અને આર વી. ગામીતે કરેલ ખુલાસાઓની નકલો આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતી રાંદેરઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. જેમાં અંગે અરજદારે અપીલમાં આર. વી. ગામીત સામે કાર્યવાહી થઈ છે તેની નકલો માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આમ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ વિગતે પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે અપીલમાં મુદ્દા નં.૩ માં કાર્યવાહીની નકલો મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ નાણા ભરી માહિતી મેળવવા જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ માં અરજદારે કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી. માત્ર વિધાન કરેલ છે. જયારે મુદ્દા નં.૪ અંગે દફતરે વિગતો ઉપલબ્ધ નહીં હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે જ. તેમજ મુદ્દા નં.૩ અંગેની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોને આપેલ માહિતીમાં નિર્દિષ્ટ કરેલ રકમ ભરપાઈ કરીને અરજદારને માહિતી મેળવી લેવા પ્રસ્તાવ કરેલો હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણી,